ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



લતાબેન જગદીશચંદ્ર પંડિત
મો. ૭૬૦૦૦ ૫૭૩૧૯



રીયા પ્રિયંકકુમાર પંડિત
મો. ૯૭૨૭૨ ૯૭૫૦૪

# દેવદિવાળીની ઉજવણી અન્નકૂટ અને વિશેષ પૂજન સાથે સંપન્ન

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર અને અમદાવાદ શહેરમાં સોમવારે દેવદિવાળીની સાથે જ ત્રણ ધર્મનાં પર્વ-તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. હિન્દુધર્મની દેવદિવાળી, જૈન ધર્મમાં ચાતુર્માસ પરિવર્તન, શીખ ધર્મનાં ગુરુનાનક દેવના પ્રકાશ પર્વનો યોગ એકસાથે હતો. દેવદિવાળી નિમિત્તે શહેરનાં અનેક મંદિરોમાં અન્નકૂટ દર્શન થયા હતા. સાથે જ શ્રદ્ધાળુઓએ પણ સત્યનારાયણ કથા, ભગવાન વિષ્ણુની આરાધના કરી હતી. સાથે જ શિવાલયમાં જળાભિષેક અને પિતૃકૃપા મેળવવા માટે પીપળાની પ્રદક્ષિણા પણ કરવામાં આવી હતી.

અમદાવાદનાં નગરદેવી ભદ્રકાળી માતાજીનાં મંદિર ખાતે સતત બીજા વર્ષે નગરદેવતા, એવા જગન્નાથજી મંદિરના મહંત દિલીપદાસજી મહારાજે ચોષઠખંડી અન્નકૂટની આરતી ઉતારી હતી. આ પ્રસંગે અમદાવાદ નગરપાલિકાના મેયર ગૌતમભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. અહીં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. એ જ રીતે કેમ્પ હનુમાનજી મંદિર, શાહીબાગ ખાતે પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ છપ્પનભોગ અન્નકૂટ દર્શનનો લાભ લીધો હતો. સાથે જ વૈભવલક્ષ્મી માતાજી મંદિર, ડ્રાઈવઈન ખાતે પણ અન્નકૂટનું આયોજન કરવામાં આવ્યું હતું.

જગન્નાથજી મંદિર, જમાલપુર ખાતે પણ શ્રદ્ધાળુઓ દેવદિવાળી નિમિત્તે દર્શનાર્થે પહોંચ્યા હતા. ગાંધીરોડ ખાતે આવેલા બાલા હનુમાન ખાતે દેવદિવાળી અન્નકૂટની આરતી થઈ હતી. અહીં દેવદિવાળી અને હનુમાન જયંતીએ બેન્ડવાજા સાથે યોજાતી આરતી જોવા મોટી ભીડ સર્જાય છે. સોમવારે એ જ રીતે આરતી સંપન્ન થઈ હતી. જ્યારે રણછોડરાયજી મંદિર, નકળંગ મહાદેવ-ગૌશાળ-પારડી-કાંકરજ ખાતે છપ્પનભોગ અન્નકૂટનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ‘કાન્ત’ની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે દ્વિઅંકી નાટક ‘જળને પડદે’ ભજવાશે




ગાંધીનગર, તા. ૧૫

ઓમ કોમ્યુનિકેશન અને ગુજરાત વિદ્યાસભા લલિતકલા કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે માતૃભાષા અભિયાન, કવિ યજ્ઞેશ વ્યાસ, સાહિત્યપ્રેમી મુકુંદ દવે, ગુજરાત વિદ્યાસભાના મંત્રી અંબરિષ શાહના સહયોગથી આગામી તા. ૨૦ નવેમ્બર, રવિવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે એચ કે કૉલેજ હૉલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે કવિ, નાટ્યકાર મણિશંકર રત્નજી ભટ્ટ ‘કાન્ત’ની ૧૫૦મી જન્મયજયંતિ પ્રસંગે નાટ્યકાર સતીષ વ્યાસ લિખિત, કમલ જોષી દિગ્દર્શિત-અભિનિત અને કવિ ‘કાન્ત’ના જીવન-કવન પર આધારિત નાટક ‘જળને પડદે’ ભજવાશે. આ નાટક ભાષાપ્રેમી, સાહિત્યપ્રેમીઓને નિઃશુલ્ક બતાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ઓમ કોમ્યુનિકેશન, અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી મનીષ પાઠકે આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે નાટક રજૂ થાય તે પહેલાં જ્ઞાનપીઠ પુરસ્કૃત રઘુવીર ચૌધરી અને સાહિત્યકાર કુમારપાળ દેસાઈ કવિ કાન્તના જીવન-કવન અંગે પ્રાસંગિક વક્તવ્ય આપશે.

ઉલ્લેખનીય છે કે ઓમ કોમ્યુનિકેશન છેલ્લાં ત્રણ વર્ષથી દર મહિને સાહિત્યકાર, કવિના જન્મદિન, પુણ્ણતિથિ પ્રસંગે વ્યાખ્યાનનું આયોજન કરે છે. આજની પેઢી અને એમાંય ખાસ યુવાપેઢી કવિ કાન્ત વિશે પુરેપૂરી જાણકારી મેળવી શકે અને કાન્તના સાહિત્યસર્જન પર વિશેષ દૃષ્ટિ પડે એ હેતુથી નાટક ‘જળને પડદે’ બતાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

## ડાયરેક્ટ ❤ સે

જીવન તો ફુગ્ગા મહીં
સ્થિર થયેલી ફૂંક
ફુગ્ગો ફૂટતાં વાયરે ભળી જાય
થઈ મૂક
-અનિલ જોશી

## વિધાનસભા ભવનમાં પં. નહેરૂના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ

અમદાવાદ, તા. ૧૫

૧૪ નવેમ્બર એટલે ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહુરૂનો જન્મદિવસ આ દિવસ સમગ્ર દેશભરમાં બાળદિન તરીકે પણ ઉજવાય છે. પંડિત નહેરૂની ૧૨૮મી જન્મ જયંતિ નિમિત્તે વિધાનસભા પોડિયમમાં મુકાયેલા તેમના તૈલચિત્રને સોમવારે વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરના હસ્તે ભાવસભર પુષ્પાંજલિ અપાઈ હતી.

આ પ્રસંગે વિધાનસભાના સચિવ ડીએમ પટેલ સહિત અધિકારી કર્મચારીઓએ પણ ઉપસ્થિત રહીને પંડીત નહેરૂના તૈલચિત્રને ભાવાંજલિ અર્પી હતી.

# ૨૧ ભાષાના સર્જકોને બાળ સાહિત્યકાર પુરસ્કાર

ગાંધીનગર, તા. ૧૫

૧૪ નવેમ્બરને દેશભરમાં બાળ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. એ નિમિત્તે દિલ્હી સાહિત્ય અકાદમી દ્વારા બાળ સાહિત્યકાર પુરસ્કાર ૨૦૧૬નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૧ ભાષાના સર્જકોને બાળ સાહિત્ય પુરસ્કાર એનાયત થયા હતા. જેમાં સંસ્કૃત ભાષામાં ‘ચમત્કારિકઃ ચલદૂરભાષઃ’ બદલ અમદાવાદના ઋષિરાજ જાની તેમજ ગુજરાતી બાળ સાહિત્યમાં ‘બંટીના સૂરજદાદા’ બદલ પુષ્પા અંતાણીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે દિલ્હી સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિશ્વનાથ પ્રસાદ તિવારીએ જણાવ્યુ હતું કે, ‘મોટા ભાગે મોટી વયના સર્જકો જ બાળ સાહિત્ય લખે છે, યુવા સાહિત્યકારોને એવું થાય કે જો એ લોકો બાળ સાહિત્ય લખશે તો કદાજ લોકો તેમને બાલિશ સમજશે. પણ પંચતંત્રની વાર્તા જ હતી, જે સૌથી પહેલાં દુનિયાભરના સાહિત્ય સુધી પહોંચેલી. આજે દર આઠ મિનિટે એક બાળક ગાયબ થાય છે, ત્રણમાંથી એક પર રેપ થાય છે, ૮૩૫૦ લાખ બાળકો પ્રથમ જન્મ દિવસ પણ નથી મનાવી શકતા, ત્યારે બાળ સાહિત્યનું સર્જન અગત્યનું બન્યુ છે.’ આ પ્રસંગે ગુજરાતી ભાષાના જાણીતા બાળ સાહિત્યકાર અને મુખ્ય અતિથી યશવંત મહેતાએ જણાવ્યુ હતું કે, ‘ગુજરાતે તો બે બાળ દિવસ મનાવવા જોઈએ કારણ કે, ૧૫ નવેમ્બર એ ગુજરાતી બાળ સાહિત્યના ભીષ્મ પિતામહ ગિજુભાઈ બધેકાનો જન્મદિવસ છે. આજે થોડું પરિવર્તન આવ્યું છે, ત્યારે ટીવી અને ઈન્ટરનેટની દુનિયામાં બાળ વાર્તાઓ ભૂતકાળ બની જાય એ પહેલાં આપણે એને સંગ્રહી લેવી પડશે.’

# સમાજ સેવા કરતા ત્રણ ગાંધીમિત્રોનું સન્માન

### ગાંધી વિચારોને લઈ જરૂરિયાતમંદોની સેવા તથા જનસેવાનાં કામોને પરિણામની અપેક્ષા રાખ્યા વિના સફળતાપૂર્વક સમાજમાં પ્રેરણા પુરી પાડવા સમાજ સેવકોને રાજયપાલ ઓ પી કોહલીએ બિરદાવ્યા

ગાંધીનગર, તા.૧૪

આધુનિક યુગમાં ગાંધી વિચારોને લઈ જરૂરિયાતમંદોની સેવા તથા જનસેવાનાં કામોને પરિણામની અપેક્ષા રાખ્યા વિના સફળતાપૂર્વક સમાજમાં પ્રેરણા પુરી પાડવા સમાજ સેવકોને રાજયપાલ ઓ પી કોહલીએ બિરદાવ્યા હતા.

સમાજના વિવિધ ક્ષેત્રોમાં રોગીષ્ટ અને દરિદ્રનારાયણની સેવા તથા પ્રકૃતિ માટે જીવનભર કાર્યરત ત્રણ ગાંધી મિત્રોનું રાજયપાલ ઓ પી કોહલીએ ૨૫,૦૦૦ તથા ગાંધી સ્મૃતિની પ્રતિકૃતિથી ગાંધીમિત્ર એવોર્ડથી સન્માનિત કર્યા હતાં. એવોર્ડ મેળવનારાઓમાં મહેસાણામાં માનવ કલ્યાણનું કાર્ય કરનાર દંપતિ તુલા સંજય તેમજ તરસ અને અભાવના વિસ્તાર એવા કચ્છના રાપર ખાતે રચનાત્મક કાર્ય કરનાર દંપતિ મુકતાબેન અને નકુલભાઈ ભાવસાર તથા વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં ગ્રામશિલ્પી તરીકે કામ કરનાર નિલમભાઈ પટેલનો સમાવેશ થાય છે. રાજયપાલએ પ્રાસંગિક ઉદ્દબોધનમાં જણાવ્યું હતું કે, ગાંધી મિત્ર એવોર્ડ આજની યુવા પેઢીને રચાનાત્મક કામોથી જોડવાની પ્રેરણાં આપશે.

નવી પેઢી સમયને લઈ ગાંધી વિચારોથી દુર થઈ ગઈ છે. પરંતુ ગાંધી વિચારોની શક્તિથી આપણે સમાજનું પુનઃનિર્માણ કરી શકીએ છીએ. રાજયપાલએ વધુમાં જણાવ્યું હતું કે, ગાંધી વિચાર આજના સમયમાં પહેલા કરતાં વધુ સાર્થક છે અને તમામ સમસ્યાઓના નિરાકરણ માટે એટલા જ પ્રસ્તુત છે. ગાંધીજીથી આપણે જેટલાં દુર થઈ રહ્યાં છીએ ગાંધી વિચાર તેટલા જ વધુને વધુ પ્રસ્તુત થઈ રહ્યાં છે. આ પ્રસંગે વિશાલાના મેનેજિંગ ડિરેક્ટર સુરેન્દ્ર પટેલ, ગુજરાત વિદ્યાપીઠના વાઈસ ચાન્સેલર ડૉ. અનામિક શાહ, અરુણભાઈ દવેએ ગાંધી વિચારને પોતાના પ્રાસંગિક પ્રવચનમાં પ્રસ્તુત કર્યા હતા.

## શિક્ષણ બોર્ડની ચૂંટણી માટે

# ઉમેદવારીપત્રો ભરવાનો આરંભ પાંચમી ડિસેમ્બરથી

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ૨૬ સભ્યોની મુદ્દત ૨૨ જુલાઈ, ૨૦૧૬ના રોજ પૂર્ણ થતી હોવાથી ૬ મે, ૨૦૧૬ના રોજ ચૂંટણી માટેનું જાહેરનામું બહાર પાડવું પડે તેમ હતું. જોકે બોર્ડના સભ્યોની મુદ્દત છ માસ માટે વધારી દેવાતા હવે ચૂંટણી ૨૦ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ યોજાશે. રાજ્યમાં નવેમ્બરમાં કોર્પોરેશન અને જિલ્લા પંચાયત સહિતની ચૂંટણીઓનું કારણ આગળ ધરી સભ્યોને છ માસ વધારી આપ્યા હતા.

હવે, શિક્ષણ બોર્ડની ચૂંટણીનો કાર્યક્રમ બોર્ડ દ્વારા જાહેર કરાયો છે. બોર્ડના ૨૬ સભ્યોની ચૂંટણી યોજાનાર છે તેઓ ૫ ડિસેમ્બરથી ૧૫ ડિસેમ્બર દરમિયાન ઉમેદવારી નોંધાવી શકશે. ત્યારબાદ ૧૯ ડિસેમ્બર સુધી એટલે કે મતદાનના એક માસ પહેલા ઉમેદવારી પત્રો પરત ખેંચી શકશે. ૨૦મી જાન્યુઆરીએ મતદાન થયા બાદ ૨૨મીએ મતગણતરી હાથ ધરાશે અને તે જ દિવસે પરિણામ જાહેર કરી દેવાશે. શિક્ષણ બોર્ડની સાડા ત્રણ વર્ષ પછી યોજાઈ રહેલી ચૂંટણીને લઈને બોર્ડના સભ્યોમાં ભારે ઉત્સાહ છે.

શિક્ષણ બોર્ડમાં કુલ ૬૦ સભ્યો છે. જેમાંથી ૨૬ સભ્યોની ચૂંટણી થાય છે અને બાકીના ૩૪ સભ્યોની નિમણૂક કરાતી હોય છે. જે ૨૬ સભ્યોની ચૂંટણી થાય છે તેમની ત્રણ વર્ષની ટર્મ હોય છે. બોર્ડના જે ૬૦ સભ્યો હોય છે તેમાં માધ્યમિક શિક્ષક ૦૬, માધ્યમિક આચાર્ય ૦૬, ઉચ્ચ માધ્યમિક શિક્ષક ૦૩, કારકુન ૦૨, વાલી મંડળ ૦૩, સંચાલક મંડળ ૦૪, સરકારી શિક્ષક ૦૧, બીએડના આચાર્ય ૦૧, ધારાસભ્ય ૦૫, વર્ગ-૧ અધિકારી ૧૬, સરકારના સભ્યો ૦૩, યુનિવર્સિટીના સભ્ય ૧૦ હોય છે. જેમાંથી માધ્યમિક શિક્ષકો, માધ્યમિક આચાર્યો, ઉચ્ચ માધ્યમિક શિક્ષક, કારકૂન, વાલી મંડળ, સંચાલક મંડળ, સરકારી શિક્ષક અને બી.એડ. કોલેજના આચાર્યોની બેઠક મળી કુલ ૨૬ બેઠકો માટે ચૂંટણી યોજાય છે.

બોર્ડ દ્વારા ચૂંટણીને લઈને મતદાર યાદી તૈયાર કરી દીધી છે અને હાલમાં ડીઈઓ કચેરી ખાતે લોકોને જોવા માટે મુકી છે. મતદાર યાદીમાં મતદારનો ફોટો ન હોય અથવા નામ કે અન્ય વિગતમાં ભૂલ હોય તો ૧૯ નવેમ્બર સુધીમાં તેમાં ફેરફાર કરાવી શકાશે.

૫ ડિસેમ્બરથી જિલ્લાની ડીઈઓ કચેરીથી ફોર્મ મળી જશે અને ઉમેદવારો ૫ ડિસેમ્બરથી લઈને ૧૫ ડિસેમ્બર સુધી બોર્ડમાં ભરેલા ફોર્મ જમા કરાવી શકશે. ત્યારબાદ ફોર્મની ચકાસણી હાથ ધરાશે. ઉમેદવારો ૧૯ ડિસેમ્બર સુધીમાં ભરેલા ફોર્મ પરત ખેંચી શકશે. બોર્ડની ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાની અને પરત ખેંચવાની મુદ્દત પૂર્ણ થયા બાદ એક માસનો સમય ઉમેદવારોને પ્રચાર માટે મળશે. જેમાં ઉમેદવારો પોતાની જીત નિશ્ચિત કરવા તનતોડ મહેનત કરશે.

# પતિ-પત્ની વચ્ચેનો સંઘર્ષ : શયનખંડ સુધી કે ...?




vamlani@yahoo.co.uk

એક વાર એક મિત્રને ઘેર તેને મળવા ગયો. દિવાન ખંડમાં પ્રવેશ કર્યો. તે મિત્રની સાથે ત્યાં એક બીજું દંપતી પણ હતું. હશે લગભગ પાંત્રીસ ચાલીસ વર્ષની ઉમરનું એ દંપતી. આમ તો એ મિત્રને ઘેર ઘણીવાર આવવા જવાનું બને એટલે તેના મોટાભાગના અંગત મિત્રોને ઓળખું. પણ તે દિવસે તેને ઘેર જે દંપતી હતું તેનાથી હું અજાણ હતો. ડ્રોઈંગ રૂમમાં બેઠો થોડી વાર. વાતાવરણ મને ગંભીર લાગ્યું. હું ડ્રોઈંગ રૂમમાં દાખલ થયો કે તરત જ ચુપકીદી વ્યાપી ગઈ. પરિસ્થિતીની ગંભીરતાને પામીને “એક અર્જન્ટ કામ યાદ આવ્યું છે એટલે હું જાઉં છું. ફરી પાછો આવીશ” એવું બહાનું મિત્રને દઈને તેના ઘેરથી હું ઝડપથી બહાર નીકળી ગયો.

એકાદ કલાક પછી એ મિત્રનો ફોન આવ્યો કે જો હું ફ્રી થઈ ગયો હોય તો તેને મળવા જાઉં. ફરી પાછો મિત્રને ઘેર ગયો. કશું જ પૂછ્યા વિના એ મિત્રએ માહિતી આપી કે પોતાને ઘેર જે દંપતી આવ્યું હતું તે તેઓના મિત્ર છે. એ દંપતી વચ્ચે ઘણા સમયથી નાના મોટા ઝઘડાઓ, મતભેદો થયા કરે છે. બંને વચ્ચે જ્યારે જ્યારે મતભેદો કે ઝઘડાઓ થાય ત્યારે બંને એકબીજા વિરુધ્ધ મારા મિત્ર અને તેની પત્નીને ફરિયાદો કરે. બંનેને મિત્ર ઘેર બોલાવે કે પોતે તેને ઘેર જાય. બંનેને સમજાવે, ધમકાવે, એકબીજાની માફી મંગાવે ને સુલેહ કરાવે. સમાધાન થાય તો બંને હસતાં હસતાં, હાથમાં હાથ નાખીને પોતાને ઘેર જાય. થોડો સમય સરસ વ્યવહારો ચાલે ને ફરી પાછું એનું એ જ.

મિત્રના કહેવા પ્રમાણે એ દંપતી વચ્ચે આ પ્રકારના ઝઘડા અને સમાધાનનું ચક્કર છેલ્લા ત્રણેક વર્ષથી ચાલે. કાયમી ઉકેલ આવ્યો પણ નહીં અને આવે એવા એંધાણ પણ નહીં. છતાં મારા મિત્ર દંપતીના પ્રયાસો થકી ગાડું ચાલે, કહો કે ધક્કો મારીને સંસારનું ગાડું ચાલે. એ દંપતીના ઝઘડામાં બીજા મિત્રો પણ ક્યારેક માથું મારે અને ઝઘડાઓ શાંત કરવા માટે મદદરૂપ થાય કે પ્રયત્નો કરે પણ કાયમી ઉકેલ તો નહીં જ.



પોતાની જીદ, પોતાના અહમ, પોતાના અક્કડ વલણ કે એકબીજાને સમજી શકવાની અક્ષમતા ને કારણે પતિ-પત્ની વચ્ચે સંઘર્ષ થાય કરતો હોય છે. ક્યારેક બંને પોતાની અંગત મુશ્કેલીઓમાં મુકાઈ જાય છે. ક્યારેક બંને વચ્ચે રાગદ્વેષ કે ખટરાગ ઊભો થાય છે. ક્યારેક બંને વચ્ચે રીસ કે રોષ ઊભા થાય છે. આ પ્રકારના સંજોગોમાં ક્યારેક પતિ, ક્યારેક પત્ની તો ક્યારેક બંને વ્યક્તિઓ પોતાની વચ્ચે થયેલા મનભેદ કે મતભેદ ટાળવા માટે કે પોતાની વચ્ચે સમાધાન માટે ત્રાહિત વ્યક્તિની સેવાઓ લેતા હોય છે. આ ત્રાહિત વ્યક્તિ પતિ કે પત્નીના મા-બાપ, ભાઈ-બહેન, ભાભી-માસી, મામા-મામી, કાકા-કાકી, સહેલીઓ, મિત્રો કે પાડોશીઓ હોય છે.

જ્યારે સ્નેહીઓ, સંબંધીઓ, અંગત મિત્રો કે કુટુંબીજનો એક જ સોસાયટી, મહોલ્લા કે પાડોશમાં રહેતા હોય છે ત્યારે પતિ-પત્ની વચ્ચે ઝઘડાની પરિસ્થિતિ સર્જાય છે ત્યારે આ લોકો વિના નિમંત્રણે બંને વચ્ચે કૂદી પડતાં હોય છે. વચ્ચે કૂદી પડેલી દરેક વ્યક્તિ ઝઘડાનો ભોગ બનેલા પતિ-પત્નીને પોતપોતાની સમજણ અને અનુભવ પ્રમાણે સલાહ-સૂચનો કરે છે, સમજાવે છે, સાચાખોટાના ન્યાય તોળવા બેસે છે, દાખલાઓ આપે છે, દલીલો કરે છે અને પોતે ઝઘડાનો ભોગ બનેલા દંપતિના “ગોડફાધર“ બનવાનો પ્રયત્ન કરે છે અથવા તો પોતાની જાતને ન્યાયાધીશ સાબિત કરવાનો પ્રયત્ન કરે છે. ઝઘડો કરતાં પતિ-પત્ની વચ્ચે સમાધાન થાય તો તેનો જશ પોતે ખાટે છે અને સમાધાનના થાય તો તેનો દોષનો ટોપલો એ પતિ કે પત્ની ઉપર ઢોળી અને પોતે હાથ ખંખેરીને ચાલતી પકડે છે.

પતિ-પત્ની વચ્ચેના સંઘર્ષમાં જ્યારે ત્રાહિત વ્યક્તિ હસ્તક્ષેપ કરે છે ત્યારે મોટાભાગે ત્રાહિત વ્યક્તિનો હેતુ તો સારો જ હોય છે. તેનો આશય એવો જ હોય છે કે પતિ-પત્ની વચ્ચે સુલેહ થાય, સમાધાન થાય, બંને સુખ શાંતિથી રહે અને બંનેનું દાંપત્ય-જીવન તૂટે નહીં. પણ માનવ સ્વભાવ પ્રમાણે, જાણ્યે અજાણ્યે, ત્રાહિત વ્યક્તિ કોઈ એક જ પક્ષનું હિત વધારે જુએ છે ત્યારે એ વ્યક્તિનો પક્ષ વધારે ખેંચે છે, તેનું જ હિત ધ્યાનમાં લઈને સુલેહ કરવવાનો પ્રયત્ન કરે છે. આમ જાણ્યે —અજાણ્યે ત્રાહિત વ્યક્તિ એક જ પક્ષની તરફેણ કરીને વિલનની ભૂમિકામાં આવી જાય છે. આવી પરિસ્થિતિને કારણે, પતિ-પત્ની વચ્ચે કદાચ સમાધાન કે સુલેહ થઈ જાય પણ એ કામચલાઉ સાબિત થાય છે અને લાંબા ગાળે આ પરિસ્થિતિ વધારે બગડે છે.

પતિ-પત્નીના ઝઘડાઓ વચ્ચે હસ્તક્ષેપ કરનાર કે સમાધાન કરવા માટેની ભૂમિકા ભજવનાર વ્યક્તિ એ દંપતિની હાજરીમાં ડાહી ડાહી વાત કરે પણ ક્યારેક પાછળથી રાજી થઈ અને તાળીઓ પણ પાડે, પતિ-પત્ની વચ્ચેના સંઘર્ષનો ગામમાં ઢંઢેરો પણ પીટે. આવું થાય ત્યારે ઝઘડો કરનાર દંપતિની આબરૂના સમાજમાં લીરેલીરા થઈ જાય છે, તેની ખાનદાનીના ધજાગર ઊડે છે. ક્યારેક આ દંપતી આવી પરિસ્થિતિમાં સમાજમાં પાતાનું મોં બતાવી શકવા માટે લાયક નથી રહેતા. લાંબા ગાળે તે કુટુંબની છાપ પણ ખરડાય છે. પરિણામે એ દંપતીએ સામાજિક રીતે ખૂબ જ સહન કરવું પડે છે અને તેના બાળકો પણ આ પરિસ્થિતિનો કાયમી ભોગ બને છે.

પતિ-પત્નીના સંબંધો, બંને વચ્ચેના વ્યવહારો, બંને વચ્ચેનો પ્રેમ, બંને વચ્ચેના મતભેદો, બંને વચ્ચેના ખટરાગો, બંને વચ્ચેના ઝઘડાઓ તેઓની એકદમ અંગત અને વ્યક્તિગત બાબતો છે. બંને વચ્ચેનો સંઘર્ષ પોતાના શયનખંડ સુધી જ સીમિત રહે એ જ આદર્શ સ્થિતિ ગણી શકાય. પતિ-પત્ની વચ્ચેના કાઈપણ પ્રકારના સંઘર્ષ, મતભેદ કે મનભેદની સ્થિતિમાં ત્રાહિત વ્યકિતનો હસ્તક્ષેપ કે ભૂમિકા વર્જ્ય રહે એ ઈચ્છનીય છે અને દંપતિના હિતમાં છે.

પતિ-પત્ની વચ્ચેના સંબંધો, પ્રેમ અને વ્યવહારો ઘરેલુ અને એકદમ અંગત છે એમ જ બંને વચ્ચેના મતભેદ, ઝઘડાઓ પણ ઘરેલુ અને અંગત જ રહે તો બંને વચ્ચેના પ્રેમસંબંધો કાયમી રહી શકે અને પોતાનું દાંપત્ય જીવન અખંડિત રાખી શકે છે.

# ગુરૂ ગોવિંદસિંહ જ્યંતિના પ્રસંગની રંગેચંગે ઉજવણી

અમદાવાદ, તા.૧૪

અમદાવાદના થલતેજ ચાર રસ્તા સ્થિત ગુરૂદ્વારા ખાતે સોમવારે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ શ્રદ્ધપૂર્વક શીશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતા.

ગુરુ ગોવિંદસિંહના પ્રકાશપર્વ પ્રસંગે મુખ્યમંત્રીએ ગુરુદ્વારા ખાતે ઉપસ્થિત રહી ગુરૂબાની શ્રદ્ધાપૂર્વક સાંભળી હતી. મુખ્યમંત્રીએ આ પ્રસંગે રાજય સરકારવતી સૌ શીખ ભાઈ-બહેનોને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે જત્થા માંગણીને અનુમોદન આપતા થલતેજ ચાર રસ્તાને ગુરુ ગોવિંદસિંહ ચાર રસ્તા નામ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહકારમાં કરાશે તેવી ખાત્રી આપી હતી. તેમણે વધુમાં જણાવ્યું કે, ગુરુ ગોવિંદસિંહની આગામી જન્મજયંતિ આવનારી વૈશાખી નિમિત્તે ૧ કરોડના ખર્ચે ધામધૂમથી રંગેચંગે ઉજવવામાં આવશે. આ પ્રસંગે ગુરૂ ગોવિંદસિંહના જીવન કવનને દર્શાવતું ચિત્ર પ્રદર્શન પણ આયોજિત કરવામાં આવશે. જેથી નવી પેઢી તેમના જીવનકર્મોથી અવગત થાય. મુખ્યમંત્રીએ ગુરૂ ગોવિંદસિંહ જેવા સંતોએ દેશને અને દેશની સંસ્કૃતિને વિદેશી તાકાતો સામે અક્ષુણ્ણ રાખવા જે યત્ન કર્યો હતો. તે માટે તેઓ હંમેશા સૌ ભારતીયોના દિલમાં શ્રદ્ધેય બની રહેશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગામી સમયમાં શહેરમાં નિર્મિત થનાર કોમ્યુનિટિ હોલનું નામ પણ ગુરુ ગોવિંદસિંહ રખાશે તેવી જાહેરાત તેમણે કરી હતી. આ દર્શન વખતે તેમની સાથે મહિલા અને બાળ વિકાસ રાજયમંત્રી નિર્મલાબેન વાઘવાણી, ધારાસભ્ય જગદીશભાઈ પંચાલ, અમદાવાદ મેયર ગૌતમભાઈ શાહ, શીખ સમાજના અગ્રણી ઈશ્વરસિંહજી, પરમજીતજી કૌર સહિત શીખ ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતાં.

## વાચકોને આમંત્રણ

### ‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**‘મારું મધુરું બાળપણ’**